# પ્રશ્નબેંક

# વિષય – સામાજિક વિજ્ઞાન

## દ્વિતીય સત્ર

## પ્રકરણ : 5, 6, 18 ,17

## વર્ષ : 2025-26

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

ધોરણ :

## ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર
## મૂલ્યાંકન પ્રશ્નબેંક ફેબ્રુઆરી - ૨૦૨૬

**ધોરણ- 7** **વિષય: સામાજિક વિજ્ઞાન**

**( એકમ – 5, 6, 13, 17)**

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક | અધ્યયન નિષ્પત્તિ વિધાન | પાના નંબર |
|---|---|---|---|
| 1 | SS703 | ધરતીકંપ, પૂર, દુષ્કાળ વગેરે જેવી આપત્તિમાં લેવાનાં સાવચેતીના પગલાં સમજાવે છે. | 2 |
| 2 | SS709 | દુર્ઘટના તેમજ આપત્તિઓ માટેના પરિબળો વિશે પ્રતિભાવ આપે છે. | 9 |
| 3 | SS715 | આજીવિકાની રીતો અને વિસ્તારની ભૌગોલિક સ્થિતિ વચ્ચેના સંબંધને સમજાવે છે. દા: ત - વિચરતી અને વિમુક્ત જાતિઓ | 17 |
| 4 | SS728 | સમાજના જુદા જુદા વર્ગોની મહિલાઓ દ્વારા સામનો કરાયેલા અત્યાચારોના કારણો અને પરિણામોનું વિશ્લેષણ કરે છે. | 24 |
| 5 | SS729 | ભારતના વિવિધ પ્રદેશોમાં વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓની સિદ્ધિઓ જાણે છે. | 30 |
| 6 | SS730 | યોગ્ય ઉદાહરણો સાથે વિવિધ ક્ષેત્રોમાં સ્ત્રીઓનું યોગદાન દર્શાવે છે. | 34 |

## જીસીઈઆરટી,ગાંધીનગર
## મૂલ્યાંકન પ્રશ્નબેંક

**ધોરણ- 7** **વિષય:સામાજિક વિજ્ઞાન**

**પ્રકરણ નંબર: 13 (આપત્તિ - વ્યવસ્થાપન)** **ફેબ્રુઆરી- 26**

| | |
|---|---|
| LOને લાગુ પડતી ક્ષમતા (Competenc) ક્રમાંક | મુખ્ય કુદરતી ઘટનાઓ જેમકે આબોહવા, હવામાન, દરિયાઈચક્ર, જમીનની રચના, નદીઓનો પ્રવાહની અસમાન બાબતોનું વિતરણ કેવી રીતે થાય છે તે સમજાવે છે. |

| | | |
|---|---|---|
| (NCFSE 2023)ના આધારે :<br>**C 6.1** | | |
| LO ક્રમાંક<br>**SS703** | LO વિધાન<br>**ધરતીકંપ,પૂર,દુષ્કાળ વગેરે જેવી આપત્તિમાં લેવાનાં સાવચેતીના પગલાં સમજાવે છે.** | પ્રશ્નવાર ગુણ |
| **લેખિત પ્રશ્નો** | | |
| **હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો 1 ગુણ )** | | |
| A. MCQ પ્રશ્નો | નીચે આપેલ પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો. | |
| | 1. ભૂકંપ માટે નીચેનામાંથી કયું કારણ વધુ જવાબદાર છે?<br>A. પૃથ્વીનું ઋતુ પરિવર્તન<br>B. પૃથ્વીનું પરિભ્રમણ<br>C. પૃથ્વીના તાપમાનમાં અચાનક ફેરફાર<br>D. પૃથ્વીના પેટાળમાં થતી ભૂગર્ભિક ક્રિયાઓ | HOT |
| | 2. તમે વર્ગખંડમાં બેઠા છો અને અચાનક ભૂકંપ આવે તો તમે શું કરશો?<br>A. દોડાદોડી કરશો.<br>B. પાટલી નીચે બેસી જશો.<br>c. બૂમાબૂમ કરશો.<br>D. મેદાનમાં વૃક્ષો નીચે જતા રહેશો. | |
| | 3. વાવાઝોડાની અસર ભારતમાં કયા કિનારે વધુ અનુભવાય છે?<br>A. ભારતના પૂર્વતટ અને મલબાર તટ પર<br>B. ગુજરાતના ખંભાત તટ પર<br>C. ભારતના મુંબઈ કિનારે<br>D. ભારતના દક્ષિણ કિનારે | |
| | 4. વાવાઝોડા દરમિયાન કઈ સાવચેતી રાખવી જોઈએ?<br>A. ઘરનાં બારી-બારણાં બંધ કરી દેવા.<br>B. જાહેરાતનાં બોર્ડ કે વૃક્ષો નીચે આશ્રય લેવો.<br>C. ઇમારતની નજીક ઊભા રહેવું.<br>D. વૃક્ષો નીચે ઊભા રહેવું જોઈએ. | |
| | 5. જો ત્સુનામી આવવાની સૂચના મળે તો લોકોએ શું ન કરવું જોઈએ?<br>A. સલામત ઊંચાઈએ સ્થળાંતર કરવું.<br>B. હોડીઓને કિનારે લાંગરવી (બાંધવી).<br>C. દરિયાના તોફાની મોજા જોવા કિનારે એકઠા થવું<br>D. સરકારી સૂચનાઓનું ચુસ્ત પાલન કરવું. | HOT |
| | 6. પૂરના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન સાચું છે?<br>A. દરેક વરસાદ વખતે પૂર આવે છે.<br>B. વાવાઝોડું આવે ત્યારે પૂર આવે જ છે.<br>C. એકધારા વરસાદ કે અતિવૃષ્ટિને પરિણામે પૂર આવે છે.<br>D. વરસાદ નહિવત્ પડે ત્યારે પૂર આવે છે. | |
| | 7. દુકાળની આપત્તિ જીવસૃષ્ટિની કઈ આવશ્યકતા સાથે જોડાયેલ છે?<br>A. પાણી અને ખોરાક<br>B. ખોરાક અને પોશાક<br>C. પાણી અને આવાસ<br>D. પોશાક અને આવાસ | HOT |
| | 8. આપત્તિ વ્યવસ્થાપનમાં 'મોકડ્રિલ' એ કયા તબક્કાનો ભાગ છે ?<br>A. પુનર્વસન B. પૂર્વતૈયારી C. નિવારણ D. રાહત કાર્ય | |
| | 9. કોઈ પણ આપત્તિ સમયે સ્થળાંતર કરવાનું થાય તો નીચેનામાંથી કઈ સામગ્રી સાથે લઈ જવી જરૂરી નથી? | HOT |

| | | |
|---|---|---|
| | A. જરૂરી દવા<br>B. જરૂરી દસ્તાવેજો<br>C. જરૂરી ખાધસામગ્રી<br>D. ટેલિવિઝન<br>10. વાવાઝોડા સમયે જો તમે વર્ગખંડમાં બેઠાં છો તો તમે શું કરશો?<br>A. દોડીને ઘરે ચાલ્યા જઈશું .<br>B. ખુલ્લા મેદાનમાં જતા રહીશું.<br>C. વાવાઝોડું શાંત થાય તેની રાહ જોઈ વર્ગખંડમાં જ રહીશું.<br>D. વીજળીના ઉપકરણો ચાલું રાખીશું.<br>11. તમે શાળાએ જઈ રહ્યા છો, અને અચાનક તમારી નજર સામે અકસ્માત થાય છે, તો તે સમયે તમે તાત્કાલિક મદદ માટે કયો નંબર ડાયલ કરશો?<br>A. 121 B. 100 C. 112 D. 105<br>12. શાળામાં મોકડ્રીલ શા માટે કરવામાં આવે છે?<br>A. આપત્તિ સમયે જરૂરી સાવચેતીના પગલાં લઈ શકાય તે માટે<br>B. સરકારનો પરિપત્ર છે તેથી<br>C. નકામા કાગળ બાળવા છે તેથી<br>D. ફાયર ની બોટલ ખાલી કરવા માટે<br>13. બે મિત્રો આગાહી કરી શકાય તેવી આપત્તિ વિશેની ચર્ચા કરી રહ્યા છે. તો તેઓ કઈ આપત્તિની વાત કરે છે?<br>A. વાવાઝોડું B. ભૂકંપ C. જ્વાળામુખી D. દાવનળ<br>14. નીચેનામાંથી કઈ આપત્તિ કુદરતી અને માનવસર્જિત બન્ને હોઈ શકે?<br>A. ભૂકંપ<br>B. વાવાઝોડું<br>C. દાવાનળ<br>D. ત્સુનામી<br>15. નીચેનામાંથી કઈ આપત્તિ કુદરતી આપત્તિ નથી?<br>A. ભૂકંપ<br>B. વાવાઝોડું<br>C. ઔદ્યોગિક અકસ્માત<br>D. ત્સુનામી | HOT |
| B. ખાલી જગ્યા પૂરો. | નીચે આપેલ ખાલી જગ્યા પૂરો<br>1. કોઈપણ આપત્તિના સમયે ..................... રાખવી એ અડધી લડાઈ જીતવા સમાન છે કારણ કે તેનાથી ગભરાટ ફેલાતો નથી<br>2. ધરતીકંપના આંચકા ચાલુ હોય ત્યારે બહુમાળી મકાનના લોકોએ ..................નો ઉપયોગ બિલકુલ ટાળવો જોઈએ.<br>3. ખેતીમાં ................પદ્ધતિ અપનાવવાથી પાણીનો 50% થી વધુ બચાવ કરી શકાય છે.<br>4. સમુદ્રમાં થતા ભૂસ્ખલનથી પેદા થતા વિનાશક મોજાં .............. કહેવાય છે.<br>5. આપત્તિમાં જે લોકો કાયમી વિકલાંગતાનો ભોગ બને તેમના ..............ની સમસ્યા ભારે વિકટ છે.<br>6. પૂર જેવી આપત્તિમાં ............ સ્રોત સૌથી પહેલા દૂષિત થાય છે, જે બીમારીનું મુખ્ય કારણ બને છે. | 1 |
| C. ખરાં ખોટાં | **વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**<br>1. ભૂકંપના આંચકા બંધ થયા પછી તરત જ ઘરમાં પ્રવેશ કરવો જોઈએ.<br>2. વાવાઝોડા દરમિયાન લટકતા સાઈનબોર્ડ કે હોર્ડિંગ્સ નીચે આશ્રય લેવો એ સુરક્ષિત પગલું છે.<br>3. રસોડામાં વપરાયેલું પાણી બગીચામાં છોડને આપવું એ પાણી બચાવવાનું એક ઉત્તમ ઉદાહરણ છે.<br>4. આપત્તિ સમયે સરકાર દ્વારા અપાતી 112 હેલ્પલાઇન સેવાનો કારણ વગર ફોન કરીને ઉપયોગ કરવો એ જાગૃત નાગરિકની ઓળખ છે. | 1 |

5. પૂરના પાણીમાં રસ્તો શોધવા માટે લાકડીનો ઉપયોગ કરવો એ સુરક્ષા માટે અનિવાર્ય છે.
6. આપત્તિ સમયે બીજાની મદદ કરવા માટે તમારે પહેલા તમારી પોતાની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ
7. આપત્તિ વ્યવસ્થાપનની તાલીમ લેવી એ માત્ર લશ્કર કે પોલીસનું કામ છે, સામાન્ય નાગરિકનું નહીં

**D.જોડકા જોડો.** (1)

 નીચેના જોડકા જોડો .

| વિભાગ 'અ' આપત્તિ | વિભાગ 'બ' સાવચેતીના પગલાં |
|---|---|
| 1.ધરતીકંપના આંચકા આવે ત્યારે. | a. રેડિયો પર સમાચાર સાંભળી ઊંચાણવાળા ભાગેજવું |
| 2.વાવાઝોડાની આગાહી હોય ત્યારે | b. ટપક સિંચાઈ અને વૃક્ષો વાવવા |
| 3.પૂરમાં ફસાઈ ગયા હોય ત્યારે | c. ઘરના બારી બારણા બંધ કરી અંદર જવું |
| 4.દુષ્કાળની સ્થિતિ | d. પાણી ઉકાળીને પીવું જેથી રોગચાળો ન ફેલાય |
| 5.સુનામીની આગાહી મળે ત્યારે | e.મજબૂત ટેબલ કે બેન્ચ નીચે બેસી જવું |

**E. વર્ગીકરણ** (1)

નીચેના વિધાનોનું આપત્તિ પહેલા અને આપત્તિ પછીમાં વર્ગીકરણ કરો
1. ક્ષતિગ્રસ્ત મકાનોનું સર્વેક્ષણ કરવું
2. મોક ડ્રિલનું આયોજન કરવું
3 . ઈમરજન્સી કીટ તૈયાર કરવી
4. રોગચાળો રોકવા જંતુનાશક દવા છાંટવી
5. આપત્તિની આગાહી સાંભળી સલામત સ્થળે ખસી જવું
6. કાટમાળની નીચે ફસાયેલા લોકોને બચાવવા

| આપત્તિ પહેલા | આપત્તિ પછી |
|---|---|
| | |
| | |
| | |

## (A) અતિ ટૂંક જવાબી પ્રશ્નો

**A.મને ઓળખો.** (1)

મને ઓળખો.
1. હું સમુદ્રમાં આવતા વિનાશક મોજાં છું, મારે આવવાના સમયે કિનારાના લોકોએ ઊંચાણવાળા સ્થળે જવું જોઈએ......................
2. હું અચાનક આવું છું, મારા આવવાથી પાટલી નીચે છુપાઈ જવું અથવા ખુલ્લા મેદાનમાં જવું સલામત છે. ............................
3 હું એવી આપત્તિ છું જેમાં માનવીને અનાજની અને પશુઓને ઘાસચારાની ભારે તંગી વર્તાય છે........................
4. હું હવાનું એવું તોફાન છું જે મોટાભાગે સમુદ્ર પરથી ભૂમિભાગ તરફ આગળ વધુ છું.......................
5. રણપ્રદેશમાં ઓછા પાણીએ ખેતી કરવા માટે હું સિંચાઈની જાણીતી પદ્ધતિ છું .......................

## ટૂંક જવાબી પ્રશ્નો **(દરેકના 3 ગુણ )**

| | | |
|---|---|---|
| A.બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. | 1. ધરતીકંપ વખતે કાચની બારીઓથી દૂર રહેવાની સલાહ કેમ આપવામાં આવે છે?<br>2. પૂરની ચેતવણી મળતા જ કઈ વસ્તુઓ સાથે રાખીને ઊંચાણવાળા સ્થળે જવું જોઈએ?<br>3. વાવાઝોડાની આગાહી હોય ત્યારે માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના કેમ અપાય છે?<br>4. આપત્તિ સમયે અફવાઓ ફેલાતી અટકાવવા જાગૃત નાગરિક તરીકે તમે શું કરશો?<br>5. ડિઝાસ્ટર હેલ્પલાઇન નંબર વિશે અગાઉથી જાણકારી હોવી કેમ જરૂરી છે?<br>6. થોડા જ વરસાદમાં શહેર વિસ્તારમાં ચારેબાજુ પાણી ભરાઈ જાય છે. આવું કેમ જોવા મળે છે? | 3<br><br>HOT<br><br>HOT |
| C. ક્રમમાં ગોઠવો | ક્રમમાં ગોઠવો<br>તમે દરિયા કિનારે ફરવા ગયા છો અને અચાનક ત્સુનામી આવે છે તો તમે તે સમયે કયા ક્રમને અનુસરશો?<br>1 ઊંચાઈવાળી જગ્યા પસંદ કરવી<br>2. સામાનનો મોહ છોડવો<br>3. કિનારાથી દૂર ભાગવુ<br>4. ચેતવણીના સંકેતો પારખવા<br>5. સંપર્ક સાધવો<br>6. ત્યાં જ રોકાવું | |
| નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેકના 4 ગુણ ) | | |
| A. ત્રણ ચાર વાક્યમાં જવાબ લખો. | 1. આગાહી કરી શકાય અને આગાહી ન કરી શકાય તેવી આપત્તિઓ કઈ કઈ છે? કોઈ પણ બે આપત્તિ વિશે સવિસ્તાર સમજાવો.<br>2 'પાણી પહેલા પાળ બાંધવી' ઉક્તિને આપત્તિ અને સલામતીના સંદર્ભમાં સમજાવો.<br>3. આપત્તિ માત્ર જાનમાલની હાનિ જ નથી કરતી પરંતુ માનસિક સ્વાસ્થ્યને પણ નુકશાન કરે છે. આ વિધાનને સવિસ્તાર સમજાવો. | 4<br><br>HOT |

**ધોરણ 7 પ્રકરણ નંબર: 13 આપત્તિ – વ્યવસ્થાપન સામાજિક વિજ્ઞાન ફેબ્રુઆરી 2026**

| LO ને લાગુ પડતી ક્ષમતા(Competency) ક્રમાંક(NCFSE 2023)ના આધારે : | ક્ષમતા(Competency) વિધાન | |
|---|---|---|
| LO ક્રમાંક<br>**SS709** | LO વિધાન<br>દુર્ઘટના તેમજ આપત્તિઓ માટેના પરિબળો વિશે પ્રતિભાવ આપે છે. | પ્રશ્નવાર ગુણ |
| | **લેખિત પ્રશ્નો** | |
| | **હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો 1 ગુણ)** | |
| પ્રશ્ન-1<br>A. MCQ પ્રશ્નો | ▯ નીચે આપેલ પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.<br>1. તમે તમારા પિતાજી સાથે મોટર સાયકલમાં જઈ રહ્યા છો તો સલામતી માટે નીચેનામાંથી શેનો ઉપયોગ કરશો?<br>(A) ચશ્મા<br>(B) મોબાઈલ<br>(C) સીટ બેલ્ટ<br>(D) હેલ્મેટ<br>2. તમે તમારા પિતાજી સાથે કારમાં મુસાફરી કરી રહ્યા છો. તમારા પિતાજી કાર ચલાવી રહ્યા છે.અને તમારી કારનો અકસ્માત થાય છે. તમને માથા માં ઇજા થાય છે તો આ માટે સંભવિત કારણ શું હોય શકે?<br>(A) તમે મોબાઇલમાં વાત કરતા હશો.<br>(B) તમે સીટબેલ્ટ નહીં પહેરેલ હોય<br>(C) તમારું ધ્યાન રસ્તા પર નહીં હોય<br>(D) તમે નાસ્તો કરતા હશો.<br>3. નીચેનામાંથી કયા વિદ્યાર્થીએ સલામતીના નિયમનું ઉલ્લંઘન કર્યું હશે ?<br>(A) વિદ્યાર્થી 1- રસ્તાની જમણી બાજુએ ચાલીને નિશાળે પહોંચે છે<br>(B) વિદ્યાર્થી 2 - રસ્તાની જમણી બાજુ સાયકલ ચલાવીને નિશાળે પહોંચે છે<br>(C) વિદ્યાર્થી 3 - ફૂટપાથ પર ડાબી બાજુ ચાલીને નિશાળે પહોંચે છે.<br>(D) વિદ્યાર્થી ૪ - રસ્તાની ડાબી બાજુ સાયકલ ચલાવીને નિશાળે પહોંચે છે.<br>4. આપેલ ચિત્રમાંથી કયું ચિત્ર સાવધાની દર્શક સંકેત સૂચવે છે?<br>   <br>(A) (B) (C) (D)<br>5.  આ ટ્રાફિક સંકેત કઈ જગ્યાએ જોવા નહીં મળે?<br>(A) શાળાની નજીક<br>(B) હોસ્પિટલની નજીક<br>(C) જાહેર બગીચાની નજીક<br>(D) કોર્ટની નજીક<br>6<br>તમારી શાળાના મધ્યાહન ભોજનના રસોડામાં આગ લાગે છે. પરંતુ શાળામાં ફાય | 1<br>HOT<br>HOT<br>HOT |

ર સેફટીની ભરેલી બોટલનો ઉપયોગ કરી શકતા નથી. તે માટે
જવાબદાર કારણ કયુ નથી ?
(A) બોટલ એક્સપાયરી ડેટની હશે
(B) બોટલ ખોલતા નહીં આવડતી હોય.
(C) બોટલ વધુ ઊંચાઈ પર હશે
(D) બોટલ ખાલી થઈ જવાનો ડર હશે.

7. ટ્રાફિક સંકેત વખતે નીચેનામાંથી કયા આકારનો ઉપયોગ થતો નથી?

(A) (B) ( C) (D)

HOT

8. વિધાન 1: તમે સીટ બેલ્ટ પહેર્યા વગર કાર ચલાવો છો.
વિધાન 2 : અકસ્માત થતા તમારું માથું અથડાય છે.
(A) વિધાન 1 અને 2 વચ્ચે કોઈ સંબંધ નથી
(B) વિધાન 1 કારણ છે અને વિધાન 2 તેનું પરિણામ છે.
(C) વિધાન 2 કારણ છે અને વિધાન 1 તેનું પરિણામ છે
(D) વિધાન 1 અને 2 બન્ને કારણ છે.

HOT

9. નીચેનામાંથી ખરું વિધાન શોધો.
(A) માહિતીદર્શક સંકેત વપરાશકર્તાને શું કરવું અને શું ન કરવું તેનો આદેશ આપે છે.
(B) ફરજિયાત સંકેત ગોળ આકાર અને વાદળી રંગમાં દર્શાવેલ હોય છે.
(C) સાવધાનીદર્શક સંકેત વપરાશકર્તાને દિશાઓ વિશે માહિતી આપે છે.
(D) માહિતીદર્શક સંકેત લંબચોરસ આકાર અને વાદળી રંગમાં દર્શાવેલ હોય છે.

HOT

10.  આ ચિત્ર સાથે કયો ટ્રાફિક સંકેત સુસંગત છે?

(A) (B) (C) (D)

HOT

11. તમે રસ્તામાં જઈ રહ્યા છો ત્યારે એક વાહનમાં  નિશાની દર્શાવેલી છે તો તે કયું વાહન હશે?
(A) સીટીબસ
(B) એસ.ટી .બસ
(C) એમ્બ્યુલન્સ
(D) સ્કુલબસ

HOT

12. તમે સ્કૂટર ચલાવતી વખતે મોબાઇલમાં વાત કરી રહ્યા છો
અને પાછળ રહેલા ટ્રકનો હોર્ન તમને સંભળાતો નથી. જેથી અકસ્માત સર્જાય છે.
આ સમયે તમે નીચેનામાંથી કયા સૂત્રનું પાલન કરેલું નહીં હોય?
(A) ઝડપની મજા મોતની સજા
(B) નો હોર્ન
(C) વાહન ચલાવતા સમયે મોબાઈલમાં વાત કરશો નહીં .
(D) હંમેશા હેલ્મેટ પહેરો

| | | |
|---|---|---|
| | 13. તમારી પાર્ક કરેલી કાર આર.ટી.ઓ દ્વારા ઉપાડીને લઈ જવાય છે.<br>તો તમે નીચેનામાંથી કયા ટ્રાફિક સંકેતનું પાલન  નહીં કર્યું હોય ?<br> (A)  (B)  (C)  (D)<br><br>14. નીચેનામાંથી કઈ જોડ ખોટી છે .<br>(A) પ્રવેશ નિષેધ - <br>(B) નો પાર્કિંગ   - <br>(C) રેલ્વે ક્રોસિંગ  - <br>(D) જમણી બાજુ વળવું નહીં - <br><br>15. વિધાન 1 - અત્યારના ટેકનોલોજીના યુગમાં માર્ગ અકસ્માતનું<br>પ્રમાણ વધ્યું છે.<br>વિધાન 2- વિશ્વમાં સૌથી વધારે માર્ગ અકસ્માતમાં મૃત્યુ ભારતમાં થાય છે.<br>આ વિધાનો પરથી કહી શકાય કે<br>(A) જે દેશમાં ટેકનોલોજીનું પ્રમાણ વધારે હોય ત્યાં માર્ગ<br>અકસ્માતમાં મૃત્યુ વધારે થાય.<br>(B) ટેકનોલોજીના વિકાસ અને માર્ગ અકસ્માત વચ્ચે કોઈ સંબંધ નથી.<br>(C) ભારત ટેકનોલોજીમાં આગળ છે.<br>(D) ટેકનોલોજીના ઓછા ઉપયોગથી અકસ્માત અટકાવી શકાય | |
| B.જોડકાં જોડો. | અ — બ<br>1. એક માર્ગીય રસ્તો — A. <br>2. સાંકડો પુલ — B. <br>3. પેટ્રોલ પંપ — C. <br>4. કામ ચાલુ — D.  | 5 |

5. ક્રોસ રોડ E. 

C
વર્ગીકરણ કરો .

પ્રશ્ન 1 નીચેના વિધાનોને માર્ગ સલામતી માટે શું કરવું અને શું ના કરવું તે મુજબ વર્ગીકરણ કરો. 1

| માર્ગ સલામતી માટે શું કરવું | માર્ગ સલામતી માટે શું ન કરવું |
|---|---|
| | |
| | |
| | |

1. ચાલુ વાહનમાંથી ઉતરવું
2. રસ્તો પાર કરવા માટે જીબ્રા ક્રોસિંગ નો ઉપયોગ કરવો
3. ફૂટપાથ પર ચાલવુ.
4. દોડીને રેલવે ક્રોસિંગ ઓળંગવું
5. રસ્તા ઉપર રમતો રમવી નહી.

પ્રશ્ન 2 નીચેના વિધાનોને નીચેના ટ્રાફિક સંકેતોમાં વર્ગીકરણ કરો.

| ફરજિયાત સંકેત | સાવધાનીદર્શક સંકેત | માહિતીદર્શક સંકેત |
|---|---|---|
| | | |
| | | |


1. મુસાફરી દરમિયાન શું કરવુંઅને શું ન કરવું તે અંગેનો આદેશ આપે છે.
2. વપરાશકર્તાને દિશા અને સ્થળ વિશે માહિતી આપે છે.
3. વપરાશકર્તાને આગળના રસ્તાની પરિસ્થિતિ અંગે ચેતવણી આપે છે.
4. કામ ચાલુનો સંકેત
5. પેટ્રોલ પંપનો સંકેત
6. બસ સ્ટોપનો સંકેત

D. ખરા ખોટા. 1

1 રસ્તા પર ફૂટપાથ હોય તો ફૂટપાથ પર ચાલવુ જોઈએ.
2 સાયકલ હંમેશા રસ્તાની જમણી બાજુએ ચલાવવી જોઈએ.
3 રાહદારીઓએ ઝીબ્રા ક્રોસિંગનો ઉપયોગ કરવો જોઈએ
4 નો પાર્કિંગમાં કાર પાર્ક કરવી જોઈએ
5 રસ્તામાં તોફાન મસ્તી કરતા ચાલવું જોઈએ.
6 ચાલુ વાહને મોબાઇલમાં વાત કરવી ન જોઈએ
7 કારમાં હેલ્મેટ પહેરીને બેસવું જોઈએ.
8 ઉતાવળ હોય ત્યારે ટ્રાફિક સંકેતોનો અમલ કરવાની જરૂર નથી
9 તમારા નાના ભાઈની ઉંમર 10 વર્ષની છે તો તેને અત્યારથી જ સ્કૂટર શીખડાવી દેવું જોઈએ.
10 ટ્રાફિક વખતે વચ્ચેથી સ્કૂટર કાઢી ઝડપથી નીકળી ન જવું જોઈએ.

B. અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકનો 1 ગુણ)

<table>
<tr><td>A. એક વાક્યમાં જવાબ આપો.</td><td>1. ફૂટપાથની કઈ બાજુ પર ચાલવું જોઈએ?<br>2  આ સંકેત તમને શું સૂચવે છે?<br>3 ટ્રાફિક સંકેતના પ્રકારોના નામ આપો.<br>4 ફરજિયાત સંકેત શું દર્શાવે છે?<br>5 તમને રસ્તામાં પેટ્રોલ પંપનો સંકેત જોવા મળે છે. તે ટ્રાફિક સંકેતનો કયો પ્રકાર દર્શાવે છે?<br>6 ત્રિકોણ આકારમાં કયા પ્રકારનો ટ્રાફિક સંકેત દર્શાવવામાં આવે છે?<br>7. 'નો યુ ટર્ન' એટલે શું?<br>8. તમે વાહન ચલાવો છો ત્યારે તમારે કયા વાહનને આગળ જવા દેવું જોઈએ?<br>9. સાયકલ ચલાવતી વખતે શું કાળજી લેવી જોઈએ?<br>10. અકસ્માત વખતે તમે કયા ઈમરજન્સી નંબર પર કોલ કરશો?</td><td>1</td></tr>
</table>

<table>
<tr><td>B. ચિત્ર દોરો/ચિત્ર ઓળખો<br><br>ચિત્રના આધારે જવાબ આપો</td><td>પ્રશ્ન 1 નીચે આપેલા ટ્રાફિક સંકેતોને ચિત્ર સ્વરૂપે દર્શાવો<br>1. નો પાર્કિંગ<br>2. પ્રાથમિક સુવિધા<br>3. ભોજન<br>4. સાંકડો પુલ<br>5. પ્રવેશ નિષેધ<br><br>પ્રશ્ન 2 નીચે આપેલા ચિત્ર કયાં ટ્રાફિક સંકેત દર્શાવે છે. તે જણાવો<br>1.  ____________________<br>2  ____________________<br>3  ____________________<br>4  ____________________<br>5  ____________________<br><br>પ્રશ્ન 3. આપેલ ચિત્ર પરથી જવાબ આપો.<br><br></td><td>5</td></tr>
</table>

| | | |
|---|---|---|
| | 1. ચિત્ર 2માં ગાડીના અકસ્માત થવાનું મુખ્ય કારણ શું હોય શકે?<br>2. આપેલ ચિત્રોમાં માર્ગ સલામતીના કયા નિયમનું પાલન થયું નથી?<br>3. ચિત્ર 1 ના આધારે જણાવો કે તમે ગાડીમાં બેઠા હો, ત્યારે અકસ્માત સમયે ગંભીર ઈજાથી બચવા માટે કયો સુરક્ષા નિયમ સૌથી મહત્વનો છે?<br>4. ચિત્ર 4માં આપેલ ટ્રાફિક સંકેત શું સૂચવે છે? શું ત્યાં પાર્ક કરેલ ગાડીએ તે સંકેતનું પાલન કર્યું છે?<br>5. ચિત્ર **5** મા રાહદારીઓ રસ્તો ઓળંગી રહ્યા છે તે પટ્ટાઓને શું કહેવામાં આવે છે?<br>6. ચિત્ર 2 માં કારચાલકે માર્ગ સલામતીના નિયમનું પૂરેપૂરું પાલન નથી કર્યું. સમજાવો કઈ રીતે ?<br>7. ચિત્ર 3 જોઈ વિચારો શું પરિણામ સંભવી શકે? | |
| ટૂંક જવાબી પ્રશ્નો (દરેકના 2 ગુણ ) | | |
| A. બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. | 1. હોસ્પિટલ હોય તેવા વિસ્તારની નજીક ' નો હોર્ન ' એવો સંકેત શા માટે મૂકવામાં આવે છે?<br>2. રસ્તા પર દૂધના કેન ભરેલો ટ્રક અને એમ્બ્યુલન્સ જઈ રહ્યાં છે. તો તમારા મતે આ બંને વાહનમાંથી કયા વાહનને પહેલા નીકળી જવા દેવું જોઈએ? શા માટે?<br>3. તમારી શાળામાં ફાયર બોટલની મોકડ્રિલ શા માટે કરવામાં આવે છે?<br>4. માર્ગ સલામતી માટે વાહન ચાલકે શું પહેરવું જોઈએ શા માટે?<br>5. ટ્રાફિક સમયે સર્જાતી સમસ્યાઓ જણાવો<br>6. ટ્રાફિક સંકેત કઈ રીતે ઉપયોગી છે.?<br>7. ફરજિયાત સંકેત શું સૂચવે છે?<br>8. રસ્તો ઓળંગતી વખતે તમે શું કાળજી રાખશો?<br>9. રસ્તામાં તમારા મિત્રનો અકસ્માત થાય છે તો તમે તેને શું મદદ કરશો?<br>10. ટ્રાફિક સંકેતોનું શા માટે પાલન કરવું જોઈએ? | 2<br><br>HOT |
| નિબંધાત્મક પ્રશ્નો (દરેકના 4 ગુણ ) | | |
| A. ત્રણ ચાર વાકયમાં જવાબ આપો | 1. વિશ્વમાં સૌથી વધારે માર્ગ અકસ્માતમાં મૃત્યુ ભારતમાં થાય છે. આવું બનવાના કારણો જણાવો.<br>2 સલામતીના સંદર્ભમાં કોઈપણ ચાર સૂત્ર લખો | 4<br>HOT |

# જીસીઈઆરટી,ગાંધીનગર
## મૂલ્યાંકન પ્રશ્નબેંક

**ધોરણ- 7** **વિષય:સામાજિક વિજ્ઞાન** **ફેબ્રુઆરી, 2026**

**પ્રકરણ નંબર: 5 ( આદિવાસી – અનુસૂચિત જનજાતિઓ)**
**6 (વિચરતી અને વિમુક્ત જાતિઓ)**

| | | |
|---|---|---|
| LOને લાગુ પડતી ક્ષમતા(Competency) ક્રમાંક(NCFSE 2023) ના આધારે :<br>**C 2.2** | | |
| LO ક્રમાંક<br>**SS715** | LO વિધાન<br>- આજીવિકાની રીતો અને વિસ્તારની ભૌગોલિક સ્થિતિ વચ્ચેના સંબંધને સમજાવે છે. દા: ત - વિચરતી અને વિમુક્ત જાતિઓ | પ્રશ્નવાર ગુણ |
| **લેખિત પ્રશ્નો** | | |
| **હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો 1 ગુણ )** | | |
| A. MCQ પ્રશ્નો | નીચે આપેલ પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.<br>**(1) તમે હિમાલયના પશ્ચિમ વિસ્તારમાં પ્રવાસે ગયા છો તો તમને ત્યાં કઈ જનજાતિની વસ્તી જોવા મળશે?**<br>(A) મુંડા<br>(B) સંથાલ<br>(C) ગદ્દી ગડરિયો<br>(D) બેરાદ<br>**(2) બુરંજી નામની ઐતિહાસિક કૃતિ પહેલા કઈ ભાષામાં લખાઈ હતી?**<br>(A)પાલી - સંસ્કૃત<br>(B)પાલી - અહોમ<br>(C) અહોમ - આસામી<br>(D) ફક્ત અહોમ<br>**(3) ગોંડ જનજાતિ વિશે કઈ વિગત સુસંગત છે?**<br>(A) તે ભારતના ગોંડવાના નામના વિશાળ રણપ્રદેશમાં વસવાટ કરતા હતા<br>(B) ગઢકટંગા રાજ્યમાં 7000 જેટલા ગામડાઓનો સમાવેશ થતો હતો.<br>(C ) ગોંડ જનજાતિ છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાં વધુ છે.<br>(D) ગોંડ જનજાતિના લોકો સ્થાયી ખેતી કરતા હતા.<br>**(4) નીચે આપેલ જોડમાં કઈ જોડ સાચી છે?**<br>(A)પંજાબ - લંધા અને અરધુન જનજાતિ<br>(B) ઉત્તર પશ્ચિમ ભારત - બલોચ જનજાતિ<br>(C) કર્ણાટક અને મહારાષ્ટ્ર - મુંડા અને સંથાલ જનજાતિ<br>(D )પૂર્વ અને દક્ષિણ ભારત - ભીલ જનજાતિ<br>**(5) પાઈક શબ્દ સાથે કયું વાક્ય બંધ બેસતું આવે છે?**<br>(A) પાણી પાવાનું કામ કરનાર \<br>(B ) પોતાની ઈચ્છા શક્તિથી કામ કરનાર<br>(C ) એકબીજાને મદદરૂપ થનાર લોકો<br>(D) બળજબરીપૂર્વક કામ કરનાર લોકો<br>**(6) ગઢકટંગાના ગોંડ જનજાતિની માહિતી કયા પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે?**<br>(A) બાબરનામા<br>(B) અકબરનામા<br>(C)અર્થશાસ્ત્ર | 1<br><br>HOT |

(D) મુદ્રારાક્ષસ

**(7) ચેર જનજાતિ સાથે કયા મુઘલ શાસકોનો સંગ્રામ થયો હતો?**

(A) બાબર - અકબર
(B) અકબર - હુમાયુ
(C) અકબર - ઔરંગઝેબ
(D) ઔરંગઝેબ - હુમાયુ

**(8) અહોમ જનજાતિ સાથે કયું વિધાન યોગ્ય નથી?**


(A) અહોમ લોકો અસમની બ્રહ્મપુત્ર નદીની ખીણમાં વસતા હતા.
(B) અહોમ સમાજ ગઢમાં વહેંચાયેલો હતો.
(C) અહોમ લોકો 17મી સદીમાં દારૂગોળો અને તોપોનું નિર્માણ કરતા હતા.
(D) અહોમ સમાજ પ્રકૃતિના દેવતાઓની ઉપાસના કરતા હતા.

HOT

**(9) નીચે આપેલ જોડમાંથી કઈ જોડ યોગ્ય નથી?**

(A) પંજાબ - ખોખર અને ગખ્ખર જનજાતિ
(B) મુલતાન અને સિંધ - લંઘા અને અરઘુન જનજાતિ
(C) ઉત્તર પશ્ચિમ ભારત - બલોચ જનજાતિ
(D ) દક્ષિણ પૂર્વ - નાગા, કૂકી, મિઝો, અહોમ જનજાતિ

**(10) આપેલ નકશામાં વર્તુળમાં દર્શાવેલ વિસ્તારમાં કઈ જનજાતિના લોકો વધુ વસવાટ કરે છે?**




HOT

(A) ખોખર, ગદ્દી ગડરિયો
(B) કોરાગા, વેતર, મારવાર
(C) નાગા, કૂકી, મિઝો, અહોમ
(D) કોળી, બેરાદ

**(11) વિચરતી અને વિમુક્ત જાતિઓમાં વણજારા માટે નીચે પૈકી કયો વિકલ્પ સુસંગત છે?**

(1) તેઓ વેપારી પોઠોને લાવવા - લઈ જવાનું કામ કરતા હતા.
(2) અલાઉદ્દીન ખલજી અને જહાંગીર વેપાર માટે તેમનો ઉપયોગ કર્યો હતો.
(3) મધ્ય એશિયાથી ચીજવસ્તુઓ તેમના દ્વારા ભારતમાં આવતી- જતી હતી.
(4) તેઓ ગીર અને બરડા ડુંગરના જંગલમાં રહેતા હતા.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C ) ફક્ત 1, 2 અને 3
(D) ફક્ત 1

**(12) નટ જાતિના લોકો માટે કઈ વિગત સાચી છે?**

(A ) નટ લોકો અંગ કરતબની ઘણી બધી કલાઓ જાણતા હોય છે.
(B ) તેઓ કાંસકી અને સૌંદર્ય પ્રસાધનો વેચવાનું કાર્ય કરતા હોય છે.

| | | |
|---|---|---|
| | (C ) તેઓ શિક્ષિત અને અમીર હોવાથી સમાજના મૂળ પ્રવાહથી દૂર રહે છે.<br>(D) તેઓ વેપારી પોઠોને લાવવા- લઈ જવાનું કાર્ય કરતા હતા. | |
| B. ખાલી જગ્યા પૂરો. |  **નીચેની ખાલી જગ્યા પૂરો**<br>(1) ગઢકટંગા રાજ્યના લોકોએ.................ના વેપાર દ્વારા પુષ્કળ ધન કમાયું હતું.<br>(2) અહોમ જનજાતિના લોકો દ્વારા રચિત ઐતિહાસિક કૃતિ................ હતી.<br>(3) પ્રત્યેક જનજાતિના સભ્યો…............. પ્રથાથી એકબીજા સાથે જોડાયેલા હતા.<br>(4) અકબરના સેનાપતિ.................. એ ચેર જાતિ પર હુમલો કરી વિજય મેળવ્યો હતો.<br>(5) અહોમ રાજાઓ દ્વારા મંદિરો અને બ્રાહ્મણોને ...............નું દાન આપવામાં આવતું હતું.<br>(6) પોઠનો સમૂહ............. તરીકે ઓળખાતો<br>(7) ભારત અને વિશ્વની કડી........... જાતિના લોકો હતા.<br>(8) વિચરતી વિમુક્ત જાતિઓમાં............ સૌથી અગત્યના હતા.<br>(9) વિચરતી વિમુક્ત જાતિઓનું જીવન મોટેભાગે વન સંસાધન અને ......... આધારિત હતું. | |
| C. જોડકા જોડો. |  નીચેના જોડકા જોડો .<br><br>1. અ — બ<br>(1) ગઢકટંગા — (A ) પાઈક<br>(2) વર્ષાસન — (B) સંગ્રામશાહ<br>(3) શ્રમિક — (C) પંજાબ<br>(4) અમનદાસ — (D) 70000 ગામડાં<br>(5) ખોખર જનજાતિ — (E) નાના કુળોમાં વિભાજિત<br>(F) ડાંગ દરબાર<br><br>2. અ — બ<br>(1) બલોચ — (A ) અત્યંત સુસંસ્કૃત સમાજ<br>(2) નાગા, કુકી, મિઝો — (B) સ્થળાંતરિત ખેતી કરતાં<br>(3) ગદ્દી ગડરિયો — (C) ઉત્તર પશ્ચિમ ભાગમાં શક્તિશાળી જનજાતિ<br>(4) અહોમ — (D) ઉત્તર પૂર્વ ભાગમાં વસવાટ કરતી જનજાતિ<br>(5) ગોંડ — (E) પશ્ચિમ હિમાલયમાં વસવાટ કરતી જનજાતિ<br><br>3. અ — બ<br>(1) કાંગસિયા — (A) ભવૈયા, ગારુડી, વાંસફોડા<br>(2) વિચરતી જાતિઓ — (B) જ્ઞાતિપંચ લવાદની પ્રભાવી ભૂમિકા<br>(3) વણજારા — (C) મિયાણા, વાઘેર, ડફેર | 1 |

| | | |
|---|---|---|
| | (4) દેવીપૂજક (D) અનાજ અને ચીજવસ્તુની હેરાફેરી<br>(5) વિમુક્ત જાતિઓ (E) સૌંદર્ય પ્રસાધનોનું વેચાણ | |
| | અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકનો 1 ગુણ ) | |
| A.એક વાક્યમાં જવાબ આપો. | (1) ગઢકટંગા રાજ્યમાં કયુ પ્રાણી મોટા પ્રમાણમાં જોવા મળતું હતું ?<br>(2) ગઢકટંગા રાજ્યમાં કયા ગોંડ રાજાને સંગ્રામશાહની પદવી મળી હતી તે રાજાનું નામ જણાવો.<br>(3) તમે ભારતના ઉત્તર-પૂર્વ વિભાગમાં પ્રવાસે ગયા છો તો ત્યાં તમને કઈ જનજાતિના લોકોનો પરિચય થશે?<br>(4) અહોમ લોકોએ શાની ખેતીની નવી પદ્ધતિ અમલમાં મૂકી હતી?<br>(5) અહોમ લોકો દ્વારા સ્થાનિક ભાષામાં લખાયેલ કૃતિનું નામ જણાવો. | 1<br><br>HOT |
| B. મને ઓળખો. | મને ઓળખો. (દરેકનો 1 ગુણ )<br>(1) ખોખર જાતિના કમાલખાંને મેં મનસબદાર બનાવ્યા હતા..........<br>(2) હું સંગ્રામશાહની પદવી ધારણ કરનાર ગોંડ રાજા છું.........<br>(3) અમે ચોખાની ખેતીની નવી પદ્ધતિઓ શરૂ કરી હતી. ..........<br>(4) રસ્તાઓ પર અમે દોરડા પર કરતબ બતાવીએ છીએ........<br>(5) યુદ્ધ દરમિયાન મુઘલ સેના માટે અનાજ અમે લાવતા હતા......<br>(6) અમે શાકભાજીના ઉત્પાદન અને વેપાર સાથે જોડાયેલ જનજાતિ છીએ........<br>(7) અમે સૌંદર્ય પ્રસાધનોના વેપાર સાથે જોડાયેલ જનજાતિ છીએ....... | 1 |
| | ટૂંક જવાબી પ્રશ્નો (દરેકના 3 ગુણ ) | |
| A.બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. | (1) આદિવાસી સમુદાયનું જીવન કઈ બાબતો પર આધારિત હતું?<br>(2) જનજાતિઓ સામુહિકતાનો સિદ્ધાંત ધરાવે છે એવું શા ઉપરથી કહી શકાય ?<br>(3) અહોમ સમાજ સુસંસ્કૃત સમાજ હતો. સમજાવો<br>(4) ગોંડ લોકોનો ઇતિહાસ અહોમ લોકોથી અલગ હતો.- કારણ જણાવો.<br>(5) નીચે આપેલા પ્રદેશોમાં કઈ જનજાતિના લોકો વસવાટ કરે છે? તે જણાવો.<br>પશ્ચિમ અને મધ્યભારત-<br>કર્ણાટક અને મહારાષ્ટ્ર -<br>(6) આદિવાસી સમાજ પ્રકૃતિ સાથે જોડાયેલો છે આવું શાના આધારે કહી શકાય?<br>(7) સ્થાયી ખેડુતો અને વિચરતી જાતિના પશુપાલકો કેવા પ્રકારના વિનિમયથી જોડાયેલા હતા?<br>(8) તમે નટ લોકોને કેવા કરતબો કરીને મનોરંજન આપતા જોયા છે?<br>(9) વિચરતી અને વિમુક્ત જાતિઓના વિકાસ અને ઉત્થાન માટે સરકારે કરેલા પ્રયત્નો વિશે જણાવો.<br>(10) વિચરતી અને વિમુક્ત જાતિઓના શિક્ષણના પ્રચાર- પ્રસાર માટે કેવી વ્યવસ્થા હોવી જોઈએ ? એ સંદર્ભે તમારા વિચારો જણાવો. | |
| B. નકશાપૂર્તિ | ભારતના રેખાંકિત નકશામાં આપેલ જનજાતિઓનાં સ્થાન દર્શાવો. (દરેકના 1 ગુણ )<br>(1) ખોખર (2) ગદ્દી ગડરિયો<br>(3) ચેર (4) સંથાલ<br>(5) ગખ્ખર (6) અહોમ<br>(7) મુંડા (8) બલોચ | 1 |

| | | |
|---|---|---|
| |  | |
| | નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેકના 4 ગુણ ) | |
| A. ત્રણ ચાર વાક્યમાં જવાબ લખો. | (1) અહોમ જનજાતિ વિશે જણાવો.<br>(2) ગોંડ જનજાતિ વિશે લખો.<br>(3) ગુજરાતમાં જોવા મળતી જનજાતિઓ વિશે જણાવો.<br>(4) વણઝારા લોકો ભારતીય અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ હતા આવું શાથી કહી શકાય?<br>(5) નટ અને કાંગસિયા જાતિઓ વચ્ચેનો તફાવત સમજાવો. | 4<br><br><br>HOT |

**જીસીઈઆરટી,ગાંધીનગર**

**મૂલ્યાંકન પ્રશ્નબેંક**

**ધોરણ- 7** **વિષય:સામાજિક વિજ્ઞાન** **પ્રકરણ નંબર: 17** (જાતિગત ભિન્નતા)

LO SS728

| | | |
|---|---|---|
| LO ને લાગુ પડતી ક્ષમતા(Competency) ક્રમાંક(NCFSE 2023) ના આધારે: **CG2.1, CG 2.2, CG 5.1** | ક્ષમતા(Competency) વિધાન<br>CG 2.1 ભૂતકાળમાં સમાજ પર થયેલા મોટા ફેરફારો તથા તેમની અસર સમજાવે છે અને તેનું વિશ્લેષણ કરે છે.<br>CG 2.2 સમાજમાં મોટા ફેરફારો થવા છતાં માનવ સમાજમાં સમાજમાં અમુક માન્યતાઓ સંબંધો, પ્રથાઓ અને પ્રવૃત્તિઓના સતત વ્યાપના ઘટકોને ઓળખે છે.<br>CG 5.1 પોતાના પરિવાર, વિસ્તાર, પ્રદેશ ,રાષ્ટ્ર અને વૈશ્વિક સ્તરે પ્રવર્તતી અસમાનતા પૂર્વગ્રહ અને ભેદભાવના વિવિધ સ્વરૂપોને ઓળખે છે સમજાવે છે અને પ્રશ્નો પૂછે છે. | |
| LO ક્રમાંક<br>**SS 728** | LO વિધાન<br>સમાજના જુદા જુદા વર્ગોની મહિલાઓ દ્વારા સામનો કરાયેલા અત્યાચારોના કારણો અને પરિણામોનું વિશ્લેષણ કરે છે | પ્રશ્નવાર ગુણ |
| | **લેખિત પ્રશ્નો** | |
| | **હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો 1 ગુણ )** | |
| A. MCQપ્રશ્નો |  આપેલ પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરો.<br>1. ભારતમાં જાતિગત ભિન્નતા અંગે કયું વિધાન સાચું નથી? | 1<br><br>HOT |

A. રૂઢિગત માન્યતા પ્રમાણે કન્યાઓને શિક્ષણના અધિકાર મળી રહ્યા છે.
B. છેલ્લા બે દાયકામાં આ બાબતે જાગૃતિ કેળવાઈ છે.
C. સરકાર આ અંગે કાયદા પણ બનાવે છે.
D. આધુનિક સમય પ્રમાણે છોકરા-છોકરીઓને શિક્ષણમાં સમાન અધિકાર આપવામાં આવ્યા છે.

2. સમાજમાં પ્રવર્તતા ભેદભાવની અસર લાંબાગાળે કોના પર થાય છે?
A. ફક્ત મહિલાઓ પર
B. ફક્ત પુરુષો પર
C. સમાજની વ્યવસ્થા ઉપર
D. સરકાર ઉપર

3. બાળલગ્નો થવાનું એક મુખ્ય કારણ કયું છે?
A. દીકરાનું પ્રમાણ વધુ
B. દીકરીઓનું ઓછું પ્રમાણ
C. શિક્ષણનું ઓછુ પ્રમાણ
D. સરકારી કાયદા

4. મહિલાઓ આગળ શિક્ષણ મેળવી શકતી નથી,તે માટે કયું કારણ સાચું નથી ?
A. સુરક્ષાની ચિંતા
B. રૂઢિગત માન્યતા
C. બાળલગ્ન
D. શિક્ષણની ઈચ્છા ન હોવી

5. એક જ કામ માટે સ્ત્રીઓને પુરુષો કરતાં ઓછું મહેનતાણું ચૂકવવું એ શું ગણાય છે?
A. અન્યાય
B. કાયદેસર
C. સમાનતા
D. સામાન્ય બાબત

6. દીકરીઓને ઉચ્ચશિક્ષા અપાવતી વખતે વાલીઓમાં કચવાટ જોવા મળે છે. કારણકે
A. દીકરીને ભણવું ગમતું નથી
B. દીકરીના લગ્ન કરવાના હોય છે.
C. વાલીની રૂઢિગત માન્યતા છે.
D. દીકરી માટે સરકારી સહાય નથી

7. વર્ષ 2001ની વસતિ-ગણતરી પ્રમાણે બાળકોમાં છોકરી કરતા છોકરાંઓની સંખ્યાવધુ હતી.તે કઈ બાબત સૂચવે છે ?
A. આર્થિક અસમાનતા
B. માનસિક અસમાનતા
C. રાજકીય અસમાનતા
D. સામાજિક અસામનતા

8. છોકરાં-છોકરીઓની સંખ્યામાં અસમાનતા વધવાનું કારણ
A. દીકરીને જન્મ પહેલાં જ મારી નાંખવી
B. દીકરીઓના શિક્ષણનો અભાવ
C. દીકરીઓને કામ કરવા દેવું
D. દીકરીઓને ઓછું મહેનતાણું આપવું

9. રૂઢિગત માન્યતા મુજબ
A. છોકરીઓને બહારગામ ભણવા મોકલવી
B. સંતાનમાં પુત્રને જ મહત્વ આપવું
C. છોકરીઓને નોકરી કરવા દેવી
D. સંતાનમાં પુત્ર-પુત્રી બન્નેને સમાન ગણવા

| | | |
|---|---|---|
| | 10 વાહન ચલાવવામાં કુમાર-કન્યા વચ્ચેના ભેદભાવનું મુખ્ય કારણ શું હોઈ શકે?<br>A. શારીરિક અસમાનતા<br>B. કાયદાકીય પ્રતિબંધો<br>C. સરકારી નીતિઓ<br>D. રૂઢિગત માન્યતાઓ અને માનસિકતા<br>11. દીકરીને બહાર ભણવા કે નોકરી માટે શહેરમાં મોકલવાને બદલે વાલીઓ પોતાના વિસ્તારમાં જ રાખવાનું પસંદ કરે છે. તે શું સૂચવે છે?<br>A. કન્યાની સુરક્ષા અને સંરક્ષણની ચિંતા<br>B. ઉચ્ચ શિક્ષણ માટે વિશેષ સહાયનો અભાવ<br>C. વાહનવ્યહારની સુવિધાનો અભાવ<br>D. અંતરિક્ષ ક્ષેત્રે મહિલાઓની વધતી સંખ્યા<br>12. શિક્ષણમાં કન્યાઓ પ્રત્યે વાલીઓની ઉદાસીનતાનું સંભવિત પરિણામ<br>A. સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણ માટે વિશેષ સુવિધા<br>B. મહિલાઓ અંતરિક્ષ ક્ષેત્રે જોડાવાનું બંધ કરે<br>C. રૂઢિગત માન્યતાઓ ઝડપથી બદલાઈ જાય<br>D. કન્યાઓ ઉચ્ચ શિક્ષણના લાભોથી વંચિત રહે અને તેમની આર્થિક સ્વતંત્રતા મર્યાદિત થાય<br>13. આધુનિક સમયમાં વિવિધ ક્ષેત્રમાં મહિલાઓની અનોખી ઓળખ ઊભી કરવામાં કયા પરિબળો નિર્ણાયક ભાગ ભજવે છે?<br>A. ફક્ત સરકારી પ્રયત્નો<br>B. માત્ર મહિલાઓની વ્યક્તિગત મહેનત<br>C. શિક્ષણ, તકની સમાનતા અને રૂઢિગત માન્યતાઓમાં પરિવર્તન<br>D. માત્ર આર્થિક ઉપાર્જન<br>14. નીચે આપેલ વિધાનોમાંથી કયું વિધાન કન્યાઓની સુરક્ષા માટે સરકારે કરેલ કાર્ય સાથે સુસંગત નથી ?<br>A. ભ્રૂણહત્યા અટકાવતો કાયદો<br>B. કન્યા કેળવણીને પ્રોત્સાહન<br>C. અલગ હેલ્પલાઇન નંબર ન આપવો.<br>D. ધોરણ 6 થી 12 ની કન્યાઓને સંરક્ષણની તાલીમ<br>15. ઘરકામમાં અસમાનતા એ ભવિષ્યની સમસ્યા બની શકે છે.કારણકે તેનાથી<br>A. જાતિગત ભેદભાવ ઊભો થશે<br>B. છોકરાઓને ઘરકામ કરવું પડશે<br>C. ઘરકામ કરવું અઘરું પડશે.<br>D. કુમાર-કન્યા બન્ને સાથે મળી ઘરકામ કરશે<br>16. મહિલા સશક્તીકરણ માટે કઈ બાબત સૌથી વધુ અવરોધક છે?<br>A. સૈન્ય અને પોલીસમાં ઓછી જગ્યાઓ<br>B. રૂઢિગત માન્યતાઓ અને સામાજિક ધોરણો<br>C. આર્થિક ઉપાર્જન કરવાની ઈચ્છાનો અભાવ<br>D. રમત અને અવકાશ જેવા ક્ષેત્રોમાં યોગદાન | HOT<br>HOT<br>HOT |
| B. ખરા - ખોટા | નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે કહો.<br>1. દીકરીને વધુ ભણાવવાથી તેના લગ્ન થતાં નથી<br>2. જાતિગત ભિન્નતા એટલે છોકરા છોકરીમાં સમાનતા<br>3. બાળલગ્ન ન કરવા જોઈએ | 1 |

<table>
<tr><td></td><td>4. દીકરીને સંરક્ષણની તાલીમ આપવી જોઈએ<br>5. આપણા દેશમાં દીકરા-દીકરીનું જન્મનું પ્રમાણ સમાન છે.<br>6. ભૃણ હત્યા એટલે દીકરીના જન્મને પ્રોત્સાહન આપવુ.<br>7. પુત્ર જ ઘરમાં કમાઈને આપે છે.<br>8. દીકરીઓને ભણવાનું ગમતું નથી તેથી તે ઉચ્ચ અભ્યાસ કરતી નથી<br>9. આપણા સમાજમાં કેટલીક રૂઢિગત માન્યતાઓ છે<br>10. દરેક ક્ષેત્રમાં હવે સ્ત્રીઓ આગળ પડતી જોવા મળે છે...</td><td></td></tr>
<tr><td>C. વર્ગીકરણ કરો</td><td>
<table>
<tr><th>રૂઢિગત માન્યતા</th><th>આધુનિક માન્યતા</th></tr>
<tr><td></td><td></td></tr>
<tr><td></td><td></td></tr>
<tr><td></td><td></td></tr>
<tr><td></td><td></td></tr>
</table>
નીચેના વિધાનોને રૂઢિગત માન્યતા અને આધુનિક માન્યતામાં વર્ગીકરણ કરો.<br>1. ભૃણ હત્યા<br>2. બાળ લગ્ન<br>3. દીકરીને ઉચ્ચ શિક્ષણ<br>4. દીકરીને બહારગામ ભણવા ન જવા દેવી<br>5. સ્ત્રીઓનું આર્થિક સ્વાવલંબન</td><td></td></tr>
<tr><td colspan="3">અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકના 1 ગુણ)</td></tr>
<tr><td>A. એક બે વાક્યમાં જવાબ આપો.</td><td> નીચેના પ્રશ્નોના ઉતર આપો.<br>1. બાળલગ્ન એટલે શું?<br>2. કન્યા શિક્ષણ માટે સરકાર દ્વારા કરવામાં આવેલ કોઈપણ એક યોજના જણાવો.<br>3. દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપવું નહીં. આ કયા પ્રકારની માન્યતા છે?<br>4. લગ્ન માટે છોકરી અને છોકરા માટે ઉંમર મર્યાદા શું છે?<br>5. ભ્રૂણ હત્યા એટલે શું?<br>6. સરકારે ભૃણ હત્યા અટકાવવા કયો કાયદો બનાવ્યો છે?<br>7. અત્યારે છોકરીઓ કયા કયા ક્ષેત્રમાં આગળ વધી રહી છે?<br>8. સમાજમાં પ્રચલિત કોઈએક કુરિવાજ જણાવો.<br>9. કન્યાઓને ઉચ્ચ શિક્ષણ આપવામાં કોની ઉદાસીનતા જોવા મળે છે?</td><td>1</td></tr>
<tr><td colspan="3">ટૂંક જવાબી પ્રશ્નો (દરેકના 3 ગુણ)</td></tr>
<tr><td>A.કારણ આપો</td><td>બે ત્રણ વાક્યમાં જવાબ આપો<br>1. દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપવામાં આવતું નથી.<br>2. સરકારે ભ્રૂણહત્યા હત્યા અટકાવતો કાયદો બનાવ્યો.<br>3. આપણા દેશમાં જાતિગત ભેદભાવ જોવા મળે છે.<br>4. એક જ કામ માટે સ્ત્રીઓને પુરુષ કરતાં ઓછું મહેનતાણું ચૂકવાય છે.</td><td>3<br><br>HOT<br>HOT</td></tr>
</table>

| | | |
|---|---|---|
| | 5. આપણા દેશમાં છોકરા - છોકરીઓની સંખ્યામાં મોટો તફાવત જોવા મળે છે. | |
| નિબંધાત્મક પ્રશ્નો | | |
| A. મુદ્દાસર ઉત્તર આપો | 1. તમે જે વિસ્તારમાં રહો છો તે વિસ્તારમાં છોકરીઓને શિક્ષણ આપવામાં આવતું નથી તમે એક જાગૃત નાગરિક તરીકે આ માટે શું પ્રયત્ન કરશો?<br>2. જાતિગત ભેદભાવ એટલે શું તેની અસરો જણાવો.<br>3.' ભણેલી દીકરી બે કુળ તારે' કન્યા શિક્ષણના સંદર્ભમાં આ વિધાન સમજાવો<br>4. 'સ્ત્રી કોમળ છે પરંતુ કમજોર નહીં' - સ્ત્રી સશકતીકરણ ના સંદર્ભમાં આ વિધાન સમજાવો<br>5. બાળલગ્ન એ ફક્ત બાળપણ જ નથી છીનવતું. બાળ લગ્નની વિપરીત અસરના સંદર્ભમાં આ વિધાન સમજાવો<br>6. છોકરા-છોકરીમાં અસમાનતા ઘટાડવા માટે તમે શું ઉપાય સૂચવશો? | 5<br><br><br><br>HOT<br>HOT<br>HOT |

**જીસીઈઆરટી,ગાંધીનગર**

**મૂલ્યાંકન પ્રશ્નબેંક**

**ધોરણ- 7** **વિષય:સામાજિક વિજ્ઞાન**

**પ્રકરણ નંબર: 17 (જાતિગત ભિન્નતા)** **ફેબ્રુઆરી 2026**

| | | |
|---|---|---|
| LO ને લાગુ પડતી ક્ષમતા(Competency) ક્રમાંક(NCFSE 2023) ના આધારે : | ક્ષમતા(Competency) વિધાન | |
| LO ક્રમાંક **SS729** | - ભારતના વિવિધ પ્રદેશોમાં વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓની સિદ્ધિઓ જાણે છે. | પ્રશ્નવાર ગુણ |
| **લેખિત પ્રશ્નો** | | |
| **હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો 1 ગુણ)** | | |
| A.MCQ પ્રશ્નો | 1 . સુષ્મા સ્વરાજ વિષે નીચેનામાંથી કયુ વિધાન સુસંગત છે?<br>A. તે આપણા દેશના પ્રથમ મહિલા વિદેશમંત્રી હતા. | 1 |

| | | |
|---|---|---|
| | B. તે આપણા દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન હતા.<br>C. તે આપણા દેશના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ હતા.<br>D. તે આપણા દેશના પ્રથમ મહિલા નાણામંત્રી હતા.<br>2. મને ઓળખો.<br>- હુ સ્વરસામ્રાજ્ઞી તરીકે ઓળખાઉ છું<br>- મેં 40000 કરતાં વધુ ગીતો ગાયા છે.<br>A. આશા મંગેશકર<br>B. લતા મંગેશકર<br>C. અલકા યાજ્ઞિક<br>D. સુનિધિ ચૌહાણ<br>3. ભારતમાં છેલ્લી વસ્તી ગણતરી 2011માં થઈ હતી. તો એના અગાઉ કયા વર્ષમાં વસ્તી ગણતરી થઈ હશે?<br>A. 2005<br>B. 2001<br>C. 2009<br>D. 1997 | HOT<br><br>HOT |
| | 4. સરકાર દ્વારા બનાવવામાં આવેલ ભ્રુણ હત્યા વિરોધી કાયદા માટે નીચેના પૈકી કયા વિધાનો ખોટાં છે ?<br>1. ગર્ભમાં દીકરો કે દીકરીનું પરીક્ષણ કરવું ગુનો બને છે.<br>2. આ કાયદાથી દિકરીઓના જન્મનુ પ્રમાણ વધ્યું છે.<br>3. આ કાયદાથી દિકરીઓના જન્મનુ પ્રમાણ ઘટયું છે.<br>4. આ કાયદાથી બાળલગ્નોને પ્રોત્સાહન મળે છે.<br>A. ફક્ત 1 અને 2 B. ફક્ત 3 અને 4<br>C. ફક્ત 1,2 અને 4 D. ફક્ત 1, 2, અને 3<br><br>5. મહિલા સશક્તીકરણનો સાચો અર્થ કયો છે ?<br>A. રમત, ફિલ્મો કે રાજકારણમાં મહિલાઓની ભાગીદારી<br>B. સ્વતંત્ર નિર્ણયો લેવાની અને પોતાનું જીવન પોતાની શરતો પર જીવવાની ક્ષમતા<br>C. ઘરકામની જવાબદારી નિભાવવી અને આર્થિક ઉપાર્જન કરવું<br>D. સૈન્ય અને પોલીસમાં કન્યાઓની જગ્યા વધારવી<br><br>6. નીચેનામાંથી કઈ યોજના કન્યા કેળવણીને સુસંગત નથી ?<br>A. પ્રવેશોત્સવ<br>B. સરસ્વતી સાધન સહાય યોજના<br>C. વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના<br>D. આયુષમાન ભારત યોજના<br><br>7. મને ઓળખો.<br>- હુ ભારતની પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ હતી.<br>- હુ રાજસ્થાનની વતની છું.<br>A. ઇન્દિરા ગાંધી<br>B. સુષ્મા સ્વરાજ<br>C. પ્રતિભા પાટિલ<br>D. આનંદીબેન પટેલ | <br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br>HOT<br><br><br><br><br><br><br><br>HOT |

| | | |
|---|---|---|
| | 8. લક્ષ્મીને બેડમિન્ટનના ખેલાડી બનવું છે તો તેને નીચેનામાંથી કયા ખેલાડીને અનુસરવું પડશે.?<br>A. સ્મૃતિ મંધાના<br>B. પી.ટી.ઉષા<br>C. મીરાંબાઈ ચાનું<br>D. પી. વી. સંધું<br><br>9. નીચેના અવકાશયાત્રી પૈકી કોણ ભારતીય મૂળના હતા?<br>1. કલ્પના ચાવલા<br>2. સુનિતા વિલિયમ્સ<br>3. વેલેન્ટીના તેરેશકોવા<br>4. વેલેરી રાયમન<br>A. ફક્ત 3 અને 4<br>B. ફક્ત 1 અને 2<br>C. ફક્ત 1 અને 3<br>D. ફક્ત 2 અને 3<br><br>10. સરિતા ગાયકવાડને નીચેનામાંથી કયું વિધાન લાગુ પડે છે?<br>A. તેમણે રમવાની શરૂઆત એશિયન ગેમ્સથી કરી હતી.<br>B. તેમણે એશિયન ગેમ્સમાં ભારતને રજત ચંદ્રક અપાવ્યો હતો.<br>C. તેઓ કુપોષણમુક્ત ગુજરાત અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર છે.<br>D. તેઓ ખેલ મહાકુંભના બ્રાન્ડ એમ્બેસેડર છે.<br>11. મહિલા સશક્તીકરણ અને દેશની પ્રગતિ વચ્ચે કેવો સંબંધ સ્થાપિત કરી શકાય?<br>A. મહિલા સશક્તીકરણથી માત્ર મહિલાઓનો જ વિકાસ થાય છે, સમાજનો નહિ.<br>B. આધુનિક સમયમાં મહિલાઓનું સશક્તીકરણ જરૂરી નથી, કારણ કે તેઓ પહેલેથી જ સફળ છે.<br>C. મહિલા સશક્તીકરણ એ સામાજિક વિકાસ માટે અનિવાર્ય છે, કારણ કે તેનાથી સમાજની સર્વગ્રાહી પ્રગતિ થાય છે.<br>D. મહિલા સશક્તીકરણ એ ફક્ત સરકારની જવાબદારી છે, સમાજની નહીં. | |
| A.ખાલી જગ્યા પૂરો | 1. ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન ______________હતા.<br>2. ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ _______________ છે.<br>3. સરિતા ગાયકવાડે રમતની શરૂઆત ___________થી કરી હતી.<br>4. ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી ______________ હતા.<br>5. ભારતમાં સામાન્ય રીતે વસતિ ગણતરી દર _________વર્ષે થાય છે. | 1 |
| B.ખરા - ખોટા | નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે કહો.<br>1. હાલમાં ગર્ભ પરીક્ષણ કરાવવું એ ગુનો બને છે.<br>2. કલ્પના ચાવલાને 'ભારતરત્ન' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.<br>3. છેલ્લી વસ્તી ગણતરી ૨૦૨૧ માં કરવામાં આવી હતી.<br>4. લતા મંગેશકર ગાયક કલાકાર હતા.<br>5. સાયના નહેવાલ કુસ્તીની ખેલાડી છે. | 1 |
| અતિ ટૂંકજવાબી પ્રશ્નો ( દરેકનો 1 ગુણ) | | |

| | | |
|---|---|---|
| A. એક વાક્યમાં જવાબ આપો. | એક વાક્યમાં જવાબ આપો<br>1. ' કુપોષણ મુક્ત ગુજરાત ' અભિયાન માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કઈ વ્યક્તિની પસંદગી કરવામાં આવી છે?<br>2. બિહારમાં મહિલાઓએ કઈ પ્રવૃતિ માટે સરકાર સામે સફળ આંદોલન કર્યું હતું ?<br>3. જાતિ પ્રમાણ એટલે શું ?<br>4. વસતિ-ગણતરી સામાન્ય રીતે દર કેટલા વર્ષે કરવામાં આવે છે ?<br>5. રાજકારણ ક્ષેત્રે જાણીતી હોય તેવી કોઇપણ એક મહિલાનું નામ લખો. | 1 |
| ટૂંક જવાબી પ્રશ્નો (દરેકના 3 ગુણ) | | |
| A.બે-ત્રણ વાક્યમાંજવાબ આપો. | 1. નારી સશક્તિકરણ માટે સરકાર દ્વારા કઈ-કઈ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે?<br>2. આપણો દેશ આઝાદ થયો તે પહેલા થયેલા આંદોલનો વિશે ટૂંકમાં માહિતી આપો.<br>3. આપણા દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન વિશે તમે જાણતા હોય તેવી વિગત લખો.<br>4. ગુજરાતમાં કન્યા કેળવણી માટે સરકાર દ્વારા કરવામાં આવેલી યોજનાઓ જણાવો.<br>5. સરકારના પ્રયત્નોને કારણે હાલ કયા ક્ષેત્રોમાં કન્યાઓની સંખ્યા વધી રહી છે? | 3 |
| નિબંધાત્મક પ્રશ્નો ( દરેકના 4 ગુણ ) | | |
| A.વિગતવાર જવાબ આપો. | 1. વસતિ-ગણતરી વિશે વિસ્તૃત માહિતી આપો<br>2. પ્રાથમિક શાળામાં કન્યાઓનાં શિક્ષણને પ્રોત્સાહન આપતી સરકારી યોજનાઓ વિશે જણાવો. | 4 |
| B. ટૂંકનોંધ લખો. | (1) મહિલા સશક્તીકરણ વિશે સમજાવો. | |

**જીસીઈઆરટી,ગાંધીનગર**
**મૂલ્યાંકન પ્રશ્નબેંક**
**ધોરણ- 7** **વિષય:સામાજિક વિજ્ઞાન**
**પ્રકરણ નંબર: 17 (જાતિગત ભિન્નતા)** **ફેબ્રુઆરી 2026**

<table>
<tr><td>LO ને લાગુ પડતી ક્ષમતા(Competency) ક્રમાંક(NCFSE 2023) ના આધારે :</td><td colspan="2">ક્ષમતા(Competency) વિધાન</td></tr>
<tr><td>LO ક્રમાંક<br>SS 730</td><td>LO વિધાન<br>- યોગ્ય ઉદાહરણો સાથે વિવિધ ક્ષેત્રોમાં સ્ત્રીઓનું યોગદાન દર્શાવે છે.</td><td>પ્રશ્નવાર ગુણ</td></tr>
<tr><td colspan="3">લેખિત પ્રશ્નો</td></tr>
<tr><td colspan="3">હેતુલક્ષી પ્રશ્નો(દરેકનો એક ગુણ)</td></tr>
<tr><td>A.MCQ પ્રશ્નો</td><td>1 ગુજરાત સહીત દેશભરમાં અનેક મહિલાઓ નીચેનામાંથી કોની સાથે આંદોલનમાં જોડાઈ હતી ?<br>A. કસ્તુરબા ગાંધી<br>B. વિનોબા ભાવે<br>C. અમીબા<br>D. સરિતા ગાયકવાડ<br><br>2. ભારતની ‘નાઇટિંગલ’ તરીકે કોણ ઓળખાય છે?<br>A. સરોજિની નાયડુ<br>B. મીરાંબાઈ<br>C. અરુણા આસફઅલી<br>D. કમલાદેવી<br><br>3. નીચેના પૈકી કોણ મહિલા ક્રિકેટર નથી?<br>A. મિતાલી રાજ<br>B. ઝૂલન ગોસ્વામી<br>C. હરમનપ્રીત કૌર<br>D. પી. ટી. ઉષા<br><br>4. મીના કાલે મેરિકોમ નામની મહિલા રમતવીરને મળી અને તેણે તેમની પાસેથી તેમની રમત વિશે માર્ગદર્શન મેળવ્યું. તો તેમની વચ્ચે કઈ રમત અંગે ચર્ચા થઈ હશે?<br>A. બોક્સિંગ<br>B. ક્રિકેટ<br>C. કુસ્તી<br>D. એથ્લેટિક્સ<br><br>5. નીચેનામાંથી કઈ ફિલ્મ ખેલ આધારિત છે?<br>1. ચક દે ઈન્ડિયા 2. મંગલપાંડે 3. દંગલ 4. લાલો<br>A. ફક્ત 1 અને 4<br>B. ફક્ત 1 અને 3<br>C. ફક્ત 1,2 અને 3<br>D. ફક્ત 2,3 અને 4</td><td>1<br><br>HOT<br><br>HOT</td></tr>
</table>

| | | |
|---|---|---|
| | 6. એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીતનારી પ્રથમ ભારતીય મહિલા કોણ હતી?<br>A. કંવલજીત સંધુ<br>B. સરિતા ગાયકવાડ<br>C. પી.ટી.ઉષા<br>D. પી.વી.સંધુ<br>7. એક ગામમાં મહિલાઓ દ્વારા સ્વસહાય જૂથ રચી બચત અને લઘુઉદ્યોગ શરૂ કરવામાં આવ્યા. આ ઉદાહરણ સ્ત્રીઓના કયા યોગદાનને દર્શાવે છે?<br>A. રાજકીય યોગદાન<br>B. આર્થિક સશક્તિકરણ<br>C. સાંસ્કૃતિક પરંપરા<br>D. શૈક્ષણિક અસમાનતા<br>8. જો કોઈ મહિલા શિક્ષિકા ગ્રામિણ વિસ્તારમાં કન્યાશિક્ષણ માટે જાગૃતિ ફેલાવે છે, તો તે સમાજમાં કઈ સમસ્યા દૂર કરવામાં સૌથી વધુ મદદરૂપ બને છે?<br>A. બેરોજગારી<br>B. લિંગભેદ<br>C. પ્રદૂષણ<br>D. શહેરીકરણ<br>9. ખેડૂતોની સાથે ખેતરમાં કામ કરતી અને સાથે ઘરનું સંચાલન કરતી સ્ત્રી કયા પ્રકારનું દ્વિગુણ યોગદાન આપે છે?<br>A. માત્ર સામાજિક<br>B. માત્ર પારિવારિક<br>C.આર્થિક અને પારિવારિક<br>D. રાજકીય અને સાંસ્કૃતિકS<br>10. સ્ત્રીઓ રમતગમત, વિજ્ઞાન અને અંતરિક્ષ ક્ષેત્રે સફળતા મેળવી રહી છે. આ પરિસ્થિતિ સમાજમાં કઈ માન્યતાને પડકારે છે?<br>A. સ્ત્રીઓ માત્ર ઘર માટે છે<br>B. પુરુષો વધુ જવાબદાર છે<br>C. શિક્ષણ જરૂરી નથી<br>D. પરંપરા બદલાતી નથી | HOT<br>HOT<br>HOT |
| અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકનો 1 ગુણ) | | |
| A. જોડકા જોડો | જોડકા જોડો<br>અ — બ<br>A. કલ્પના ચાવલા — 1. રમત ગમત<br>B. ઇન્દિરા ગાંધી — 2. સંગીત<br>C. મેરિકોમ — 3. અંતરિક્ષ વિજ્ઞાન<br>D. લતા મંગેશકર — 4. રાજકારણ | 1 |
| A.મને ઓળખો | 1. હુ ભારતની પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ છું. ________ | 1 |

| | | |
|---|---|---|
| | 2. હુ પ્રથમ મહિલા IPS અધિકારી છું. ____________<br>3. હુ અંતરિક્ષમાં જનાર પ્રથમ ભારતીય મહિલા છું. _________<br>4. હુ ભારતની પ્રથમ મહિલા વિદેશમંત્રી છું. _________<br>5. હુ લોખંડી મહિલા આગેવાન તરીકે જાણીતી છું. _______ | |
| ટૂંક જવાબી પ્રશ્નો(દરેકના 3 ગુણ ) | | |
| A.બે-ત્રણ વાક્યમાંમાં જવાબ આપો. | 1. રમત ગમત ક્ષેત્રમાં કોઈ પણ બે મહિલાઓનું પ્રદાન જણાવો.<br>2. લતા મંગેશકરનું સંગીત ક્ષેત્રમાં શું પ્રદાન છે?<br>3. સરિતા ગાયકવાડે રમત ગમત ક્ષેત્રમાં આપેલું યોગદાન જણાવો.<br>4. ઘર અને કાર્યસ્થળ બંનેમાં જવાબદારી નિભાવતી સ્ત્રી સમાજ માટે શું સંદેશ આપે છે?<br>5. શિક્ષણ ક્ષેત્રે સ્ત્રીઓનું યોગદાન સમાજના વિકાસમાં કેવી રીતે મદદરૂપ બને છે? | 3 |
| નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેકના પાંચ ગુણ ) | | |
| A.વિગતવાર જવાબ આપો. | 1. આજના સમાજમાં મહિલાઓને મળતી તકો અને પડકારો વિશે વિગતવાર લખો | 5 |